# 'નયારા એનર્જી ફલાવર શો-૨૦૨૦' એ જગાવ્યું રંગબેરંગી આકર્ષણ

## બે એકર જમીનમાં ૬૦થી વધુ રંગબેરંગી ફૂલોની વિવિધ જાતનું પ્રદર્શન : શાળાના બાળકો, શહેર અને નજીકના ગામોના લોકોએ પ્રકૃતિના નજારાને માણ્યો : તા. ૧૬ ફેબ્રુઆરી સુધી ફલાવર શો ખૂલ્લો રહેશે

**જામનગર, તા.૧૪ ફેબ્રુઆરી ૨૦૨૦ :** ''પ્રકૃતિ'' એ માનવજીવનને આનંદમયી અને આરોગ્યમયી બનાવવામાં મહત્વનું સ્થાન ધરાવે છે, આ આશયને સાર્થક કરવા નયારા એનર્જીએ તેમની બેડ ગામ નજીક આવેલી ટાઉનશીપમાં 'નયારા એનર્જી ફલાવર શો-૨૦૨૦'નું સુંદર મજાનું આયોજન કર્યુ છે. જેમાં બે એકર જમીનમાં ૬૦થી વધુ રંગબેરંગી ફૂલોની વિવિધ જાતનું પ્રદર્શન કરાયું છે. આ ફલાવર શોની મુલાકાત આશરે ૧૬૦૦૦થી વધુ લોકો લઈ ચૂકયા છે અને હજૂ તા. ૧૬ સુધી દરેક લોકો મુલાકાત કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

પ્રકૃતિમાં ખાસ કરીને ફૂલો લોકોને આંનદિત કરે છે, મનને શાંત કરે છે અને પીડામાં રાહત આપવાનું કાર્ય પણ કરે છે! ત્યારે પ્રકૃતિનું માધ્યમ બનવા નયારા એનર્જી શિયાળાની ઋતુમાં દર વર્ષે ફલાવર શોનું આયોજન કરતી આવી છે. આ વર્ષે નંદ નિકેતન ટાઉનશીપના બે એકર વિસ્તારમાં 'નયારા એનર્જી ફલાવર શો-૨૦૨૦'નું આયોજન કરાયું છે.
વિશાળ જગ્યામાં વિવિધ પ્રકારે ફૂલોનું આકર્ષણ ખીલી ઉઠે એ રીતે ૬૦થી વધુ પ્રકારના ફૂલોને ગોઠવવામાં આવ્યા છે. રંગબેરંગી ફૂલોની જીવંતતા ફલાવર શોના દરેક ખૂણે અનુભવી શકાય છે. ફલાવર શોથી ફૂલોને સુશોભિત કરવાની અવનવી રીતોનું પ્રદર્શન પણ કરાયું છે જેમાં બિનઉપયોગી વસ્તુઓનો ખુબીપૂર્વક ઉપયોગ કરાયો છે. જેમકે લાકડાની નાની મોટી છડીઓ, સિરામિક બોલ, પ્લાસ્ટિકની બોટલ અને જૂના ભંગારને એક નવા રૂપ સાથે ફૂલોને મહેકાવવામાં આવ્યા છે. એમાં પણ પેરાગોલ્સ, નેચરલ બ્રિજ, ફલાવર કલોક, ફલોટીંગ ફલાવર્સ, ટ્રી હાઉસ, બર્ડસ એન્ડ એનિમલ્સ, મેડિસીનલ પ્લાન્ટસ, કિડસ ફાર્મિંગ, એગ્રિકલ્ચર ઝોન, રંગોલી, મીનીએચર ગાર્ડન, સ્વિંગ્સ,ગાર્ડન આર્ટિકલ્સ, પ્લે ઝોન એક અલગ પ્રકારની અનુભૂતિ કરાવે છે.
કૃષિ ક્ષેત્ર સાથે સંકડાયેલા લોકોને ફૂલોની વિવિધ ખેતીની જાણકારી માટે આ ફલાવર શો એક મહત્વની તક પુરી પાડે છે. નયારા એનર્જીની રિફાઈનરી અને ટાઉનશીપની આજુબાજુના ગામોના લોકોએ ફલાવર શોની મુલાકાત કરી હતી. ઉપરાંત નંદ નિકેતન ટાઉનશીપના રહેવાશીઓ, વિવિધ શાળાના વિદ્યાર્થીઓ, જામનગરના લોકો વગેરેએ ફલાવર શોની મુલાકાત કરી પ્રકૃતિનો રોમાંચ અનુભવ્યો હતો. ગત તા. ૭ના ઉદઘાટિત કરાયેલા 'નયારા એનર્જી ફલાવર શો-૨૦૨૦'ની મુલાકાત દરેક લોકો કરી શકે એ માટે તા.૧૬ ફેબ્રુઆરી સુધી સવારના ૧૦ વાગ્યાથી લઈને રાત્રે ૯ વાગ્યા સુધી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

**૦૦૦૦**

**નયારા એનર્જી વિશે:**

નયારા એનર્જી એ આંતરરાષ્ટ્રીય સ્તરની નવા યુગની ડાઉનસ્ટ્રીમ એનર્જી કંપની છે અને સમગ્ર હાઈડ્રોકાર્બન વેલ્યુ ચેઈનમાં રિફાઈનીંગથી રિટેઈલ સુધીનાં ક્ષેત્રોમાં મજબૂત હાજરી ધરાવે છે. ઓગષ્ટ, ૨૦૧૭માં આ કંપની આંતરરાષ્ટ્રીય રોકાણકાર રોઝનેફ્ટ અને ગ્લોબલ કોમોડીટી ટ્રેડીંગ ફર્મ ટ્રાફીગુરા તથા યુસીપી ઈન્વેસ્ટમેન્ટ ગ્રુપના બનેલા કોન્સોર્ટિયમે હસ્તગત કરી હતી. કંપની હાલમાં ૨૦ મિલિયન મેટ્રીક ટન પર એનમની ક્ષમતા સાથે ગુજરાતના વાડીનારમાં ભારતની બીજી સૌથી મોટી સિંગલ સાઈટ રિફાઈનરીની માલિકી અને સંચાલન કરે છે. આ રિફાઈનરી એ વિશ્વની સૌથી આધુનિક અને જટિલ રિફાઈનરીઓ પૈકીની એક છે, જેની જટિલતા ૧૧.૮ છે, જે વૈશ્વિક સ્તરે સૌથી વધુ છે. ખાનગી ક્ષેત્રમાં ઈંધણના સૌથી વિશાળ રિટેઈલ નેટવર્કમાં ૫૩૦૦થી વધુ ઈંધણ મથકો સાથે નયારા એનર્જી ભારતની સૌથી ઝડપથી વિકસતી રિટેઈલ બિઝનેસ ચેઈન બની છે. નયારા એનર્જી સમુદાય સાથેની ભાગિદારી ચાલુ રાખી વિવિધ વિકાસ કાર્યો કરી રહી છે જેમાં આરોગ્ય અને પોષણ, શિક્ષણ અને પર્યાવરણ જેવા ક્ષેત્રોના સમાવેશ થાય છે. આ કાર્યો સમુદાયના જીવનની ગુણવત્તામાં સુધારો કરવામાં મહત્વની ભૂમિકા અદા કરે છે. નયારા એનર્જી વિશે વધુ માહિતી **www.nayaraenergy.com** પર ઉપલબ્ધ છે.


| **મિડીયા સમ્પર્ક** |
| --- |
| પ્રફુલ્લ ટંકારિયા<br>ફોન નંબર: 7574817106<br>ઈ–મેઈલ:prafull.tankaria@nayaraenergy.com |